અપીલ અરજી નં.૨૮ તા.૨૨–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી ઓસ્ટીન બી. કોન્ટ્રાકટર

સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઓસ્ટીન બી. કોન્ટ્રાકટરની તા.૧૮–૨–૦૯ ની અરજીથી મા.કમિશનરશ્રીને સભ્યોની સહી સાથે કરેલ તા.૩–૯–૦૭ ના દિને કરેલ અરજીની કાર્ય વાહી કરી હોય તો તે અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૨–૪–'૦૯ ની અપીલ અરજી નં.૨૮/૨૦૦૯–૧૦

શ્રી ઓસ્ટીન બી. કોન્ટ્રાકટરની તા.૧૮–૨–૦૯ ની અરજીથી મા.કમિશનરશ્રીને સભ્યોની સહી સાથે કરેલ તા.૩–૯–૦૭ ના દિને કરેલ અરજીની કાર્ય વાહી કરી હોય તો તે અંગે માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪ તા.૭–૫–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થ ઝોન)તથા અરજદારને અપીલના આધાર પુરાવા અને વાજબીપણું તથા મૂળ અરજી અને અરજી ફી વિગેરે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતો તા.૧૯–૫–૦૯ નારોજ મોકલેલ છે.

અરજદારની તા.૧૮–૨–૦૯ ની અરજીથી મા.કમિશનરશ્રીને સભ્યોની સહી સાથે કરેલ તા.૩–૯–૦૭ ના દિને કરેલ અરજીની કાર્ય વાહી કરી હોય તો તે અંગે માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એન.ઝેડ/આ.નં.૯૧૫૪ તા.૧૯–૩–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં કંપાઉન્ડ વોલ બાંધવાની ફરજ ટ્રસ્ટીઓની છે પણ કાયદાકીય જોગવાઈ જે કમિશનરશ્રીને કરેલી અરજીમાં જણાવેલ છે તે મુજબ મહાનગરપાલિકા તરફથી નોટીસ આપ્યા બાદ એક વર્ષ અને ત્રણ માસ સુધી પગલા લેવા જવાબદારી નોટીસ આપનારની થાય છે કે ટ્રસ્ટી/ સ્વીકારનારની થાય છે? તો નોટીસ આપનાર ફરજચૂક બાબતે પગલા લેવામાં આવ્યા છે? તથા નોટીસના અનાદર કરવા બદલ મુદત વીતે કોર્ટમાં ફરીયાદ કરવામાં આવેલ છે? તેની માહિતી માંગતા મૂળ અરજીથી અલાયદી પૂરક પ્રશ્નો અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે. પરંતુ અરજદારે મૂળ અરજી અંગેની માહિતી બાબતે કોઈ આધાર પૂરાવા રજૂ કરેલ નથી.

અરજદારે મૂળ અરજીથી ચાર મુદ્દાની માહિતી માંગેલ જેમાં મુદ્દા નં.૧ માં અરજદાર અને અન્ય ૮૬ વ્યકિતઓની સહી વાળી એક અરજી મ્યુ. કમિશનરશ્રીને સંબોધીને આપેલ તે બાબતે અરજીના નિકાલ અંગે સત્તા ધરાવતા સબંધિત કર્મચારી/અધિકારીઓની માહિતી માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારી ધ્વારા ડે.કમિશ્નર (પઅનેઈ), કાર્યપાલક ઈજનેર કતારગામઝોનના નામ હોદ્દા સહિત આપેલ જણાય છે. મુદ્દા નં.૨ થી અરજદારે કયા ટ્રસ્ટી હોદ્દેદાર સામે પગલા લીધા તેનું નામ તથા નોટીસ આપી હોય તો તેની નકલ અને વિગતો જે જાહેર માહિતી અધિકારી ધ્વારા કબ્રસ્તાન કમિટિ પ્રમુખ વતી શ્રી ક્રિશ્ચીયનને આપેલ તા.૧૯–૧૨–૦૭ ની નોટીસની નકલ સહ વિગત આપેલ જણાય છે. મુદ્દા નં.૩ થી અરજદારે કબ્રસ્તાનની નોંધણી અંગે વિગતો માંગેલ. જે જાહેર માહિતી અધિકારી ધ્વારા ક્રમ નં.૧૫/૩ તા.૧–૪–૧૯૬૭ ની વિગત સહિત આપેલ જણાય છે. જયારે મુદ્દા નં.૪ અંગે અરજદારની અરજીને ૧ વર્ષ અને ૩ માસથી વધુ સમય થવા છતાં કંપાઉન્ડ વોલ બાંધવા પગલા લેવા આવેલ ન હોય લીધેલ પગલા માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા કંપાઉન્ડ વોલ બનાવવાની જવાબદારી સબંધિત ટ્રસ્ટની હોવાનું જણાવેલ. આમ ૪ મુદ્દા પૈકી મુદ્દા નં.૪ અંગે વિગતવાર માહિતી અપાયેલ જણાતી નથી.

જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં. નોર્થઝોન/૯૧૬ તા. ૧૯–૫–૦૯ થી પૂરક વિગતો રજૂ કરેલ છે. જે મુજબ તા.૧૯–૧૦–૦૭ ની કબ્રસ્તાન ટ્રસ્ટીઓને આપેલ નોટીસ બાદ ટ્રસ્ટીઓ ધ્વારા તા.૧૭–૧૨–૦૭ તથા ૨૨–૧–૦૯ અને ૨૭–૨–૦૯ ના પત્રોથી મુદત વધારો માંગેલ. જે અનુક્રમે નોર્થઝોનના પત્રો તા.૮–૧–૦૮ તથા ૧૨–૨–૦૯ ના પત્રોથી મુદત વધારો આપેલ. તથા તા.૧૯–૩–૦૯ થી પુનઃ નોટીસ આપેલ અને તે દરમ્યાન કામ ચાલુ કરેલ હોઈ કેસ મુકવાની કાર્યવાહી કરેલ નહી હોવાનું જણાવેલ. તેમજ હાલમાં તા.૧૨–૫–૦૯ ની મુલાકાત દરમ્યાન અરજદારની અરજી અન્વયે કંપાઉન્ડ વોલ બનાવવાનું તથા ખાડા પુરાણ અને સાફ સફાઈની કાર્યવાહી પૂર્ણતાની આરે હોવાનું જણાવેલ.

***પાછળ***

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૪ ની નહીં પુરી પાડેલ માહિતીની વિગત જે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ અત્રે મોકલેલ છે તે અનુસાર લીધેલ પગલાની વિગતવાર માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૫ –૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,નોર્થઝોન..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ઓસ્ટીન બી. કોન્ટ્રાકટર, ૧૨/૧૪૫૯, કુંભારવાડ, શાહપોર, સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.